# મોડાસા બસસ્ટેન્ડ વિસ્તારમાં ફરજ બજાવતા પોલીસકર્મીની દાદાગીરી સામે વાહનચાલકોમાં રોષ

મોડાસા, તા. ૧૯

મોડાસા શહેરના બસસ્ટેન્ડ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા ચોકી અને કડીયાવાડા રોડ પર લારીઓવાળાઓ ફરીથી અડીંગો જમાવી દેતા ટ્રાફિકની સમસ્યા અડીંગો જમાવી દેવાતા અહીંથી પસાર થતા વાહનચાલકોની હાલત કફોડી બની છે. કડીયાવાડા માર્ગ પર મોટી લાંબી લાઈનોની કતાર લાગી જાય છે. મંગળવારના દિવસે પણ આવી જ સ્થિતિનું નિર્માણ થતા ટ્રાફિકજામના વર્તન કરી અહીંથી કાર લઈને પસાર થવુ નહિ તેમજ અહીંથી જવા માટેનો રોડ છે તેમ કહેતા વાહનચાલક યુવક





નગરજનો અને જિલ્લાવાસીઓ માટે માથાના દુખાવા રૂપ બની છે. મોડાસા ન.પા. તંત્ર દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર શાકભાજીની લારીઓ અને ફેરીયાઓ ઉભા રહેતા તેમના માટે વૈકલ્પીક વ્યવસ્થાના ભાગરૂપે નગરપાલિકા તંત્ર દ્વારા સહકારીજીનમાં જગ્યા ફાળવી દીધેલ છે. ત્યારે બસસ્ટેન્ડ લીઓ પોલીસ સર્જાઈ રહી છે. ત્યારે બસસ્ટેન્ડ પર ફરજ બજાવતા પોલીસવાળા દ્વારા શાકભાજીના લારીઓ વાળાનું રક્ષણ કરતો હોય તેમ વાહનચાલકો સાથે બેફામ વર્તન કરતા વાહનચાલકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

મોડાસાના બસસ્ટેન્ડ સામે આવેલા કડીયાવાડા રોડ પર લારીઓવાળા અને ફેરીયાઓ દ્વારા મોટી ૬ ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે આવતા દર્દીઓ તેમજ કડીયાવાડા, ભાવસારવાડા, સોનીવાડા અને મોટી ભાગોળના પ્રજાજનો મહત્તમ કડીયાવાડા રોડનો ઉપયોગ કરતા હોય છે. માર્ગની બન્ને બાજુ લારીઓ વાળાઓએ અડીંગો જમાવી દેતા વાહનચાલકોની હાલત કફોડી બની છે અને વાહનોની લાંબી-દશ્યો સર્જાતા એક રૂઆબ છાંટતો પોલીસકર્મી દોડી આવી શાકભાજીની લારીઓવાળાઓના બદલે વાહનચાલકો પર તાડૂકતા વાહનચાલોકમાં રોષ ફેલાયો હતો. એક જાગૃત વાહનચાલક યુવક દ્વારા પોલીસને લારીઓ હટાવાની વાત કરતા પોલીસકર્મીનો અંગત રોડ હોય તેમ વાહનચાલક યુવક સામે ઉદ્ધતાઈપૂર્વક સમસમી ઉઠ્યો હતો. ટ્રાફિક જામમાં ફસાયેલા વાહનચાલકોએ પોલીસકર્મીની ઉદ્ધતાઈપૂર્વક વર્તન સામે ઉગ્ર સ્વરૂપે જણાવ્યું હતું કે જિલ્લા પોલીસવડા દ્વારા આ પોલીસકર્મીની ફરજના નિયમો અંગે ધ્યાન દોરી અન્ય જગ્યાએ ફરજ સોંપવી અથવા બદલી કરી દેવી જોઈએ તેમ કહેતા હતા.

# વડાલી કંપા પાસેથી ૨.૧૪ લાખનો દારૂ સાથેની સ્પેશીયો પકડાઈ

હિંમતનગર, તા. ૧૯

વડાલી કંપા પાસેના ધરોઈ રોડ પરથી પોલીસે શનિવારે દારૂ અને બિયર મળી રૂા.૨.૧૪ લાખથી વધુની કિંમતનો જથ્થો લઈને જતી સ્પેશીયોને પોલીસે ઝડપી લીધી હતી. ત્યારબાદ પાસ પરમીટ વિના દારૂની હેરાફેરી કરતા બંને શખ્સો વિરૂધ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ વડાલી કંપાના ધરોઈ રોડ પાસેથી શનિવારે સ્પેશીયો નં.જીજે.૧૮.એએમ.૦૧૬ માં ઉદેપુર જિલ્લાના કલડવાસના રવિકુમાર ઉર્ફે પિન્ટુ દેવીલાલ ઓડ દારૂ અને બિયર મળી રૂા.૨,૧૪,૮૩૬ નો જથ્થો લઈને જઈ રહ્યા હતા. જે અંગે વડાલી પોલીસ સ્ટેશનમાં ખબર પડતા ધરોઈ રોડ પર વોચ ગોઠવી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો હતો.

દરમિયાન પોલીસે રવિકુમારની પુછપરછ કરતા આ દારૂ અને બિયરનો જથ્થો ઊંઝાના રમેશભાઈ ઈન્દ્રમલ ઓડને પહોંચાડવાનો હતો. ત્યારબાદ પોલીસે રૂા.૧૫૦૦ની કિંમતનો મોબાઈલ અને સ્પેશીયો ગાડી મળી રૂા.૪,૧૬,૩૩૬ નો મુદ્દામાલ ઝડપી લીધો હતો અને રવિકુમાર ઓડ તથા રમેશભાઈ ઓડ વિરૂદ્ધ એ.એસ.આઈ. દેવજીભાઈ લખાભાઈએ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# હિંમતનગરની દિવ્ય સોસાયટીના બંધ મકાનમાંથી ૧૨ તોલા સોનુ અને ૩૦ તોલા ચાંદીની ચોરી

હિંમતનગર, તા. ૧૯

ઉનાળાની ગરમી શરૂ થઈ ચુકી છે ત્યારે રાત્રે લોકો ઘરમાં સૂવાને બદલે ખુલ્લી જગ્યામાં સૂવાનું પસંદ કરે છે. પરંતુ અજાણ્યા શખ્સો તકનો લાભ લઈને મકાનમાં ચોરી કરી પોતાનું નિશાન પાર પાડી દે છે. દરમિયાન હિંમતનગરના ખેડતસીયા રોડ પર આવેલી દિવ્ય સોસાયટીમાં શનિવારે રાત્રે અજાણ્યા શખ્સોએ મકાનનું તાળુ તોડી ઘરમાં પ્રવેશી ૧૨ તોલા સોનુ અને ૩૦ તોલા ચાંદીની મત્તા ઉઠાવી ગયા હતા. જે અંગે રૂા.૩.૯૬ લાખની મત્તા ચોરાયાની ફરિયાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે દિવ્ય સોસાયટીમાં રહેતા ૧-બીમાં રહેતા અશોકકુમાર શંકરલાલ રાવલ અને તેમના ભાઈ પ્રકાશભાઈ શંકરલાલ રાવલનું મકાન ૧-એ માં આવેલુ છે. દરમિયાન પ્રકાશભાઈ રાવલ બહારગામ ગયા હોવાથી પોતાના સોના-ચાંદીના દાગીના ભાઈ અશોકકુમાર રાવલના ઘરમાં બેગમાં ભરીને મુકી ગયા હતા.

બીજી તરફ પ્રકાશભાઈ ઘરે ન હોવાથી અશોકભાઈનો પરિવાર તેમના ઘરે શનિવારે રાત્રે સૂઈ રહેવા માટે ગયો હતો. દરમિયાન અજાણ્યા શખ્સોએ અશોકભાઈના ઘરના દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી ૧૨ તોલા સોનુ અને ૩૦ તોલા ચાંદી લઈ ગયા હતા. જે અંગે રવિવારે સવારે ખબર પડતા અશોકભાઈએ રૂા.૩.૯૬ લાખની મત્તા ચોરાયાની ફરિયાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.જેથી પોલીસે ચોરીનો ગુનો નોધી ડોગ સ્કોર્ડ, એફએસએલ ટીમને બોલાવી તપાસ હાથ ધરી હતી.

## ઘરમાંથી શું ચોરાયું

અજાણ્યા શખ્સોએ અશોકભાઈના ઘરમાં રાખેલી તિજોરીમાંથી અજાણ્યા શખ્સો દોઢ તોલા સોનાની પેન્ડલવાળી ચેઈન, એક બુટ્ટી, રૂા.૧.૫૦ લાખ રોકડા, ૨૫ ચાંદીના સિક્કા, એક જોડી છડા, બે જોડી જાડા છડા, એક પાંચી અને ચાંદીની થાળી-વાટકી તથા દીવી ચોરી ગયા હતા. જયારે પ્રકાશભાઈએ અશોકભાઈના ઘરમાં મુકેલ બેગમાંથી છ તોલા સોનાની ચાર બંગડી, ત્રણ તોલાનું મંગલસૂત્ર, ચાર બુટ્ટી, એક વીંટી, એક જોડ ચાંદીના છડા તથા ચાંદીની પાંચી લઈ ગયા હતા એમ અશોકભાઈ રાવલે જણાવ્યુ હતું.






## મોડાસાના કુડોલ ગામે શૈનિક-યાજ્ઞિક યજ્ઞશાળાનું લોકાર્પણ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના કુડોલ ગામે જિલ્લાની પ્રથમ નવીન યજ્ઞ શાળાનું લોકાર્પણ વિધિ યોજાઈ હતી. લોકાર્પણ વિધિમાં પંચમહાયાગ સમન્વિત હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. યજ્ઞ શાળાના લોકાર્પણ કાર્યક્રમમાં રાજ્યમાંથી મોટી સંખ્યામાં સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર સતયુગમાં જ્યારે કોઈ પણ જાતની આપત્તિ કે વિપત્તી આવે ત્યારે ઋષિમુનિઓ અને મહંતો પાસે યજ્ઞ કરાવી આવી આપત્તિ અને વિપત્તી દૂર કરાતી હતી. ત્યારે જિલ્લામાં યજ્ઞશાળા બનતા જિલ્લાની આપત્તિ વિપત્તી આ યજ્ઞોથી દૂર થાય અને વાતાવરણમાં શુદ્ધિકરણ થશે તેવુ પ્રજાજનોએ જણાવ્યું હતું.કુડોલના સોમનાથ મંદિરમાં યજ્ઞશાળાનું નવિનીકરણ કરવામાં આવ્યું હતું.

## તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અધિકારીઓ ઉપસ્થિત રહેશે

મહેસાણા, તા. ૧૯

મહેસાણા જિલ્લાના તાલુકાઓમાં ૨૭ એપ્રિલના રોજ યોજાનાર તાલુકા સ્વાગતમાં વડનગર ખાતે જિલ્લા કલેક્ટર, ખેરાલુ ખાતે જિલ્લા વિકાસ અધિકારી, મહેસાણા ખાતે જિલ્લા પોલીસ અધિક્ષક અને સતલાસણા ખાતે નાયબ વનસંરક્ષક ઉપસ્થિત રહેનાર છે તેમ કલેક્ટર મહેસાણાએ જણાવ્યું છે.

## હિંમતનગર ખાતે વિશ્વ હિંદુ પરીષદ દ્વારા શોભાયાત્રા નીકળી

વિશ્વ હિંદુ પરીષદ, હિંમતનગર દ્વારા હિંમતનગરમાં ભગવાન શ્રી રામના જન્મ દિવસ રામ નવમીના દિવસે શ્રી રામજી મંદિર મહેતાપુરાથી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવેલ હતી. જેની પુર્ણાહુતિ શ્રી ગોકુલેશ્વર મહાદેવ મહાવીરનગર ખાતે થઈ હતી.

શોભાયાત્રાનો શુભારંભ હિંમતનગર નગર પાલીકાના પ્રમુખ નીલાબેન પટેલ, વિ.હિ.પ. સહમંત્રી જયંતિભાઈ પટેલ અને ભરતભાઈ રાવલ દ્વારા કરવામાં આવેલ હતો.

હિંમતનગરમાં બાઈક રેલી દ્વારા શોભાયાત્રા ફરીને જયશ્રી રામ જેવા ગગનભેદી સુત્રો બોલીને ધાર્મિક વાતાવરણ ઉભુ કરવામાં આવેલ હતુ. આ યાત્રામાં મોટી સંખ્યામાં ગાયત્રી પરીવારની બહેનો જોડાઈ હતી. શોભાયાત્રાને સફળ કરવામાં નટુભાઈ બારોટ, અરવિંદભાઈ ખમાર, દિલીપભાઈ ચૌધરી, વિનોદભાઈ અવસ્થી, કરશનભાઈ પરમાર, કનકસિંહ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવેલ હતી.



## સાબરકાંઠા બેંક બેસ્ટ પરફોમીંગ બેંક ઈન અટલ પેન્શન યોજના એવોર્ડથી સન્માનિત

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના તમામ નાગરીકો પેન્શન પાત્ર હોય તે ધ્યાને રાખી અમલમાં મુકવામાં આવેલ અટલ પેન્શન યોજનાનો અમલ સાબરકાંઠા બેંકના યુવાન અને ઉત્સાહી ચેરમેન મહેશભાઈ પટેલ દ્વારા કરાવવામાં આવી રહેલ છે. સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાની બેંકની તમામ શાખાઓમાં આ યોજના હેઠળ બંને જિલ્લાના નાગરીકો આ યોજનાનો લાભ મોટા પ્રમાણમાં લે તે માટે બેંકના ચેરમેને વ્યક્તિગત રીતે ઉંડો રસ લઈ સામાજીક સેવાના આ ઉત્કૃષ્ટ મહાયજ્ઞમાં જે પ્રદાન કરેલ છે તેને આજરોજ ભારત સરકાર દ્વારા નવી દિલ્હી ખાતે દેશની તમામ સહકારી બેંકમાં બેસ્ટ પરફોમીંગ બેંક ઈન અટલ પેન્શન યોજનાથી સન્માનીત કરવામાં આવેલ છે. આ એવોર્ડ બેંકવતી બેંકના જનરલ મેનેજર પ્રવિણભાઈ પટેલ દ્વારા નવી દિલ્હી ખાતે સ્વિકારવામાં આવ્યો હતો. બેંકના ચેરમેને આ પ્રસંગે સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, કર્મચારીગણ તથા બંને જિલ્લાની જનતાનો આભાર માની આ યોજનામાં ૧૮-૪૦ વર્ષની વય જુથના તમામ નાગરીકોને જોડાઈ જવા માટે આહવાન કરેલ હતુ.

## મોડાસામાં વિશ્વ સાયકલ દિનની ઉજવણી

મોડાસા, તા. ૧૯

વિશ્વ સાયકલ દિન નિમિત્તે મોડાસાના જાગૃત, પર્યાવરણપ્રેમી યુવકોએ સાયકલયાત્રા કાઢી હતી. ઉર્જા બચત, સ્વાસ્થ્ય સંરક્ષણ, પર્યાવરણ જાળવણી, ટ્રાફીક સમસ્યા નિવારણ અને નાણાંની બચત જેવા પાંચ ઉદ્દેશો એક સાથે સર કરતી સાયકલ સવારીને શાન કી સવારી ગણાવી હતી. રાષ્ટ્ર અને વિશ્વ જ્યારે પર્યાવરણ, ઉર્જા કટોકટી જેવા મુદ્દે ગ્લોબલ સમીટ કરી રહી છે. ત્યારે આ વૈશ્વિક સમસ્યાઓનો ઉકેલ પણ સાયકલ જ છે. "ના કોઈની સાડાબારી, સ્વાવલંબી સાયકલ સવારી", "સાયકલ સવારી, ના કોઈ બિમારી", "સંદેશ એક જ આજકાલ, રસ્તે રસ્તે સાયકલ" જેવા પ્લે કાર્ડ સાથે આ સાયકલયાત્રા મોડાસાના મુખ્ય માર્ગોપર ફરી હતી. કલ્યાણચોકથી શરૂ થયેલી આ યાત્રામાં અરવલ્લી જિલ્લા સંસ્કારભારતીના પ્રમુખ ડૉ. જિજ્ઞેશ સુથાર, મારૂતિ વિકાસ મંડળના નિલેષ જોષી, જેસીઝ પ્રમુખ ડૉ. સંતોષ દેવકર, સરસ્વતી વિદ્યાલયના રમેશ ચૌધરી, ડી.કે. પટેલ, જાયન્ટસ ગ્રુપના રેઝીમોન તથા અન્ય યુવકો જોડાયા હતા.

## ખેડબ્રહ્મા તાલુકા-શહેર ભાજપની પ્રથમ કારોબારી મળી

ખેડબ્રહ્મા તાલુકા અને શહેર ભાજપની નવીન વરાયેલી કારોબારીની પ્રથમ સભા સોમવારે અર્બુદા હોલમાં મળી હતી. જેમાં જિલ્લાના આગેવાનો, કારોબારીના સભ્યો તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં તાલુકા ભાજપના પ્રમુખ સુરેશભાઈ પટેલે સૌનુ સ્વાગત કર્યુ હતું. આ સભામાં વિનોદભાઈ એફ. પટેલે રાજકીય પ્રસ્તાવ રજુ કર્યો હતો. જેમાં કોંગ્રેસ એટલે મતલક્ષી અને ભાગલાવાદી કૂટનિતી કરનાર પાર્ટીને વિકાસ વિરોધી પાર્ટી તથા દેશવિરોધી પ્રવૃત્તિ કરનારાને છાવરનારી પાર્ટીનો મુકાબલો કરવાનો સંકલ્પ લઈ રાજકીય ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ખેડબ્રહ્મા તાલુકાનો કરોડોના વિકાસકામો માટે હરીભાઈ રામજીભાઈ પટેલે અભિનંદન પ્રસ્તાવ રજુ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી. પટેલ તથા રમીલાબેન બારાએ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ સભામાં જિલ્લા ભાજપના મહામંત્રી અશોકભાઈ જોષી તથા તખતસિંહ હડીયોલ અને પૂર્વ મહામંત્રી જસુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તા. ૨૦ એપ્રિલે યોજાનાર સામાજીક સમરસતા સંમેલનમાં હાજર રહેવા જણાવાયું હતું. આભારવિધિ શહેર ભાજપના પ્રમુખ બ્રીજેશભાઈ પટેલે કરી હતી. તથા સભાનું સંચાલન શહેર મહામંત્રીઓ અરવીંદભાઈ ઠક્કર તથા કમલેશભાઈ જોષીએ કર્યું હતું.



## ભિલોડાના રાયસીંગપુર ગામે લગ્નના વરઘોડામાં ભમરા ઉડતા નાસભાગ

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રાયસીંગપુર ગામમાં લગ્નના વરઘોડામાં ભમરા ઉડતાં ૧૫ જેટલી વ્યક્તિઓને ભમરા કરડતાં નાસભાગ મચી ગઈ હતી. ભિલોડા તેમજ હિંમતનગરની હોસ્પિટલમાં સારવાર અર્થે ૧૫ વ્યક્તિઓને ખસેડાયા હતા.રાયસીંગપુર ગામના ચુનીલાલ અસારીના પુત્ર અલ્પેશ અસારીનું લગ્ન હોઈ લગ્નનો વરઘોડો કાઢ્યો હતો ત્યારે એકા-એક ભમરા મધ ઉડતાં ભારે દોડાદોડ મચી જવા પામી હતી.

## હિંમતનગરમાં હાથમતી વિયર સાઈડ પરથી ૨૯ હજારનો માલ-સામાન ચોરાયો

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગરમાં આવેલી હાથમતી વિયર સાઈડની ઓરડીના ધાબા ઉપર ચઢી તસ્કરો શનિવારે મોડી રાત્રે સોલર પેનલ બોક્ષમાંથી બેટરી, કેબલ સહિતનો રૂ. ૨૯ હજારની મત્તાના માલસામાન ચોરી જતા હાથમતી વિયરના કર્મચારીએ ચોરીની ઘટના અંગે રવિવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ગરમીની શરૂઆત સાથે શહેરમાં પુનઃ તસ્કર ગેંગો સક્રિય બનતા નગરજનોમાં ફફડાટ વ્યાપ્યો છે.

ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર શહેરમાં હાથમતી નદી પર વિયર સાઈડ પર ઓરડી આવેલી છે. શનિવારે મોડી રાત્રે કોઈ તસ્કરોએ વિયર સાઈડની ઓરડીના ધાબા પર ચડી ખુલ્લામાં આવેલા સોલર પેનલ બોક્ષમાંથી ૧૨ વોલ્ટની રૂ. ૧૫ હજારની મત્તાની બેટરી, રૂ. ૨૫૦૦ની કિંમતનો જી.પી.એસ. કેબલ, રૂ. ૨૫૦૦ની મત્તાનો એન્ટેના કેબલ તેમજ રૂ. ૯ હજારની કિંમતના સોલર પ્લેટ કેબલ સાથે કુલ રૂ. ૨૯ હજારની કિંમતનો માલસામાન ચોરી ભાગી છુટ્યા હતા.

બીજા દિવસે સવારે વિયર સાઈડ પરના કર્મચારીને વિયર સાઈડની ઓરડીના ધાબા પરથી માલસામાનની ચોરી થયાની જાણ થતાં ઘટના અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં રવિવારે જાણ કરી અભેસિંહ વાઘેલાએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે વિયર સાઈડ પરથી માલસામાનની ચોરી અંગે ગુનો દર્જ કરી ઘટનાસ્થળે નિરીક્ષણ કર્યુ હતું.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## પાલનપુરમાં દિવ્યાંગ બાળકોએ જંગલબુક ફિલ્મ નિહાળી

પાલનપુર, તા. ૧૬

પાલનપુર સુરમંદિર સિનેમામાં જિલ્લા વહીવટીતંત્ર અને સદ્ભાવના ગ્રુપના સંયુક્ત ઉપક્રમે પાલનપુરની વિદ્યામંદિર સંસ્થામાં અભ્યાસ કરતા બેરા-મુંગા અને માનસિક અસ્વસ્થ બાળકોને નવીન જંગલબુક ફિલ્મ બતાવવામાં આવી હતી. પરિણામે બાળકોએ અનેરો આનંદનો અનુભવ કર્યો હતો.

આ ફિલ્મ જોવા માટે જિલ્લા કલેક્ટર દિલીપ રાણા, સદ્ભાવના ગ્રુપના ચેરમેન હરેશ ચૌધરી, સાગર જાની, લોકેશ ભટોળ, મનોજ જોષી અને સંજય જોષી વગેરે હાજર રહ્યા હતા અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

## અડપોદરામાં લગ્નના વરઘોડામાં ગરબા ગાવા બાબતે ઝઘડો થતાં ૧૯ વિરૂદ્ધ સામસામી ફરિયાદ

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે શનિવારે લગ્નના વરઘોડા દરમિયાન ગરબા ગાવાના પ્રશ્ને ઠાકોર અને વાઘેલા જ્ઞાતિના કેટલાક લોકો વચ્ચે થયેલા ઝઘડામાં મામલો ગરમાતા મારામારી થતાં છ જણાને વત્તાઓછા પ્રમાણમાં ઈજા થઈ હતી. ત્યારે એટ્રોસીટી એક્ટ અંતર્ગત ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી. તો સામે પક્ષે પણ ફરિયાદ નોંધાવાઈ હતી.

આ અંગે ગાંભોઈ પોલીસ સૂત્રોના જણાવાયા મુજબ શનિવારે અડપોદરાના જેઠાભાઈ ધુળાભાઈ વાઘેલાના પુત્રનું લગ્ન હોવાથી વરઘોડો નીકળ્યો હતો. દરમિયાન ગામ વચ્ચે આ વરઘોડો પહોંચ્યો ત્યારે વરઘોડામાં સામેલ કેટલાક લોકોએ ગરબા ગાવાનું શરૂ કર્યુ હતું. જેથી તરત જ મનુસિંહ બબુસિંહ ઝાલા એ આવીને જાતિ વિરૂધ્ધ અપમાનિત કરી કહ્યુ હતું કે તમારે અહીં ગરબા ગાવાના નથી તથા ગાળો બોલી લાકડી વડે હુમલો કર્યો હતો. જેથી કેટલાક લોકોને સામાન્ય ઈજા થઈ હતી. જેથી જેઠાભાઈ વાઘેલાએ ૧૦ જણા વિરૂદ્ધ એટ્રોસીટી એક્ટ અંતર્ગત ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ સામે પક્ષે વિક્રમસિંહ મનુસિંહ ઝાલાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યુ હતું કે વરઘોડામાં આવેલા કેટલાક લોકોએ ગલ્લા આગળ ગમે તેમ ગરબા ગાઈને નાચતા હતા. જેથી અમોએ તેમને ટકોર કરી થોડા દૂર જઈ ગરબા ગાવાનું કહ્યુ હતું. જેથી વાઘેલા સમાજના કેટલાક લોકોએ ઉશ્કેરાઈ જઈ છુટા પથ્થર મારી દેકારો મચાવ્યો હતો. જેથી પોલીસે બંને પક્ષોના મળી ૧૯ જણા વિરૂદ્ધ સામસામી ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.